गोपाळ गुण वर्णन

જડજ રા૦ બા૦ ગોપાળરાવ હરી દેશમુખ એઓના ગુણનું
વરણન તે કવિ મોહનલાલ દલપતરામે રચીને
ઝવેરીવાડે કોઠારી પોળમાં અમદાવાદ સુર્યોદય
પ્રેસમાં ભોગીલાલ દોલતરામ પાસે
છપાવી પ્રસીદ્ધ કર્યું છે.

મોટાઈ વિશે.

દોહરો.

સમરૂ દેવી સારદા, પુજુ ગણપતી પાય;
મોટાની મોટાઈનો, મુખે કહુ મહિમાય.

ચોપાયા છંદ.

જે મહિમા નહી શેષ શકે કહી, વરણી શકે ન વેદ,
તે મોટાની મોટાઈ કેરા, ભાવે ભાખું ભેદ. ૧
જીહ્વા મારી પાવન થાશે, શ્રોતાનાં દુઃખ જાશે;
વકતા તણાં વિઘન સઉ નાસે, પાપી પવિત્ર થાશે. ૨
ગંગાથી એ મહિમા મોટો, કાશી શી ગણતીમાં;
મોટાનાં મહિમાની આગળ, વળી સર્વની સીમા.
પ્રત્યક્ષ થઈ શ્રી વિશ્નુ પોતે, બોલ્યા

મારો મહિમા તે નહી, મોટાના મહિમાને તોલ. ૪
સુખ દુખ સઉના કૃત્ય પ્રમાણે, મેં જનને અનુસરિયાં;
પણ મોટાને લીધે કઈ છોટાનાં કારજ સરિયાં. ૫
માટે એ મહિમા છે અધિકો, મોટાના મહિમાથી;
સમર્થ કારજ કરવા સઘળાં, વિષ્નુ કહે ગારાથી. ૬
અન્ય ધનને મોક્ષદાય છે, મહિમા ોટા કેરો;
શત્રુ મિત્ર સરખા મોટાને, નહિ ચો કે વેરો. ૭
છોટાં કારજ છોટા કેરાં, મોટાથી ા કરાય;
મોટાને કરવાનાં કારજ, છોટાથી ન થાય. ૮
તે મોટાને ખોળે મસ્તક મુકી કહું વિસ્તારી;
છોટાને છલકાતા દેખી, મરજી થ છે મારી. ૯

ત્રિતાળી ચોપ ઈ.

મોટા આભના થોભ ન હોય, મોટ. રિદ્ધિ આપી દે ન કોય;
મોટા પોતે ન થાય સંન્યાસી, કરી પારકાંને ગ્રહવાશી. ૧
મોટા ફુરે ન સર્વને અન્ન, પોતે ફુકે ન મોટા પવન;
મોટાને નહિ મસ્તક ભાર, મોટા મહિતળમાં કોઠડાર. ૨
મોટા થાય ન રાજ મળ્યાથી, મોટા થાય ન પદ્ધિ અચ્યાથી;
કઈ યવન રાજ્ય કરે છે, કઈ યવનને અમલ મળે છે.
મોટા વિદ્યા ભણી ન થવાય, શીખ્યો ગરોડો શાસ્ત્ર વિદ્યાય;
ા થાય ન જર ઘણું જામે, ધન ઢેડ જુવો કઈ પામે.
ા જાદા શાહુકાર, અમીર ઉમરાવ કે સરદાર;
ા ગણો મોટાના ઘર તણો ગોળ

અઢયો ચારકને ચોબદાર, હોય હાજર દાસ હજાર;
હોય હાથી હોદ્દે ઢળે ચમર, પણ મોટાનો નોકર નફર.
મોટા આત્મ પરમાત્મ બે દેખે, પોતે તે વિના બીજું ન પેખે;
એવા થવાય જોઈ ન નમુનો, એતો અદ્દભુત ખેલ પ્રભુનો. ૭
ગામ સીમ કે જંગલ જોતાં, ઢોંગી ધુતારાના પગ ધોતાં;
ગ્રસ્થી ત્યાગી ધની ગરીબ, મોટા મળે જો હોય નશીબ. ૮
હોય મોટાને વસ્ત્રના હીન, હોય મોટાને પૂરા પ્રવીણ;
મોટા કુવચીત હોય કીશ, મળે મોટા જો પ્રસન ઈશ. ૯

દોહરો.

તેવા મોટા તે મળે, રીઝે જો રણછોડ;
સકળ કાર્ય સિદ્ધિ ફળે, પહોચે મનના કોડરે.

પદ ૩ જુ

કોડ પહોચે મનના સકળ અને દર્શને વામે દુઃખજી;
માનવ મનમાં થાય મુદિત જ્યાં મોટાનું દીસે મુખજી. ૧
નેહ ભરેલાં નેણ મોટાનાં મુખમાં ભરેલી મીઠાશજી;
ઈશ્વરી મોટા અંશ પોતે પણ દાસનો જાણે દાસજી. ૨
સૃષ્ટિ સકળ ત્રિગુણાત્મક તેમાં સત્વ તેનો શણગારજી;
કેવળ આત્માનું જ્ઞાન છે ઉરમાં વચનો નહી નીરધારજી. ૩
બાળ જુવાન કે વૃદ્ધ વયે પણ જીવને વય નહી જાણેજી;
જરા જવાની જીવને છે નહી, ઉત્પતી લય નહી નાણેજી.
હુંકાર તા ... હઇયે ચઢે નહી, મોહ માયાથી અળગે
કામ ક્રોધાદિક રિપુ તેતો એકે ન લગને

પ્રાણી માત્રે કર્યું કામ તે પોતે સારૂં નઠારૂં ન ભાખેજી;
ભુંડું ભલુ કોને મુખથી કહે નહી દીન વાણી નીત્ય દાખેજી. ૬
કોઈ કહે આવી અધમ કૃત્ય આ કીધુ ફલાણે તે કુવોજી;
હોય એના આત્મજીને ગમ્યુ એમ ઉત્તર આપે એવાજી. ૭
એકઠા આત્મે આત્મા મળે ત્યાં આનંદ વાધે અંગેજી;
ઉત્તમ અધમનો નિયમ મળે નહી સ્નેહ ગુણે તે સંગેજી ૮
ભાવિક ભાંડ બને તેતો જાણે ઈશ્વર ઈચ્છા પ્રમાણેજી;
હર્ષ કે શોક ન સ્વલ્પ મળે એમ મોટા પુરૂષ સુખ માણેજી. ૯

દોહરો

માણે એમ મોટા પુરૂષ, છોટા જન છલકાય;
મોટા કેરા વાદલે, જરૂર માં ! જાય.

પદ ૪ થુ.

વાત ઓર છે મોટા કેરીરે, એતો આશ્ચર્યકાર ઘણીરે;
આહાર નીંદ્રા અને મૈથુન્યેરે, વશ મોટાને મોટાના પુન્યેરે. ૧
કરે કે ન કરે ગમે ત્યારેરે, મોટા પોતા તણે અધિકારેરે;
ઘણા સ્વતંત્ર સત્તા ચલાવેરે, અધિકો અધિકો યશ આવેરે ૨
સહુ આત્મ જી સરખા જાણીરે, સાક્ષી ભુત પરમાત્મા પ્રમાણીરે
દુભે કોનું ન દિલ લગારરે, એતો મોટા તણા આચારરે. ૩
જાણે કોઇનો આત્મા ઠરે છેરે, તેથી પરમાત્મા રાજી રહે છેરે,
કોઇનો આત્મ જી કુકુરે, તેતો મોટા જાણે થયું રૂડુંરે. ૪
આત્મ જીને હશે એવુંરે, ત્યારે તેણે કર્યું કૃત્ય તેવુંરે;
નવ થાયરે, કરેતો કેમ શક્યથી ન થાયરે. ૫

વખાણે કે વગોડે ન મોટારે, એમ જાણી ન કહે ખરા ખોટારે
કોઈ પ્રતિપક્ષી થાય તો જાણેરે, એના આત્મભુની કૃતિ નાણેરે.
દાઝે પ્રતિપક્ષીનો નહી દોષરે, સ્વાભાવીક જાણી લે સંતોષરે;
મારા આત્મ ભુએ એને દુભ્યોરે, ત્યારે એને થયો મનાસુખોરે.
હશી કાઢે મોટા જે હોયરે, પ્રતિપક્ષી ન જાણે કોયરે;
ઉલટી સ્નેહની વૃદ્ધિ જણાયરે, એતો મોટા પુરૂષ કહેવાયરે. ૮
ક્ષમા નમૃતા ધૈર્ય અતિસેરે, અંગ આનંદ આનંદ દાસેરે;
હોય એકલા પણ કરે હાશરે, નાહાના મોટા બેસે ચારે પાસરે
હોય હસતુ મોઢુ હમેશરે, કહેતા માત્ર ન કદીએ કળેશરે;
જુદા જંજાળ નાથી ન્યારારે, કરે યોજના પણ ધારા ધારારે.
કદી વાહન હાથી ને ઘોડારે, કદી પગમાં મળે નહી જોડારે;
કદી અંબર આછાં અંગરે, કદી નગ્ન ફરે નીચ સંગરે. ૧૧
કદી બંગલામા રહે બિરાજીરે, કદી રણમાં રખડતા રાજીરે;
કદી પ્રસાદ પકવાન પામેરે, કદી સાથરે ભુખ્યા વિરામેરે ૧૨

દોહરા

ભુખ્યા વિરામે સાથરે, મુંકે નહી મોટાઈ;
ક્ષમા નમ્રતા ધૈર્યતા, રહે સંતોષજ સ્હાઈરે.

ચોપાયા.

જાય ક્ષમાએ ગાળ ન ખાવા મોટા જે કહેવાય;
નગ્ન થઈને નગર વાળવા જન મોટા નત જાય. ૧
ધૈર્ય રાખીને માણસ મરવા દે ન પોતાનું પરનું;
સઉ આત્મભુ સરખા જાણી ચાટે મોં ન કુતરનું ૨

ઘર બાળીને તીરથ ન કરે લિલા છતી નવ ત્યાગે;
વસ્ત્ર છતાં નાગા નવ ચાલે, રિદ્ધિ છતાં નવ માગે.
પણ કહેવાનું કારણ એ છે, યોજના કરતાં આવ્યું;
તેનું તેને મન કશું નહી, ભોગવે મનનું ભાવ્યું ૪
પોતાના આત્મજ જેવા, સઉ આત્મજ જાણે;
મોટા પુરૂષ તેને કહીએ, જેને લોક વખાણે. ૫
ઉર જરા અભિમાન મળે નહી, કરૂણા કેર પાત્ર;
ધન્ય જનેતા જેણે જણ્યા મોટા પુરૂષ સુપાત્ર. ૬
પ્રભાતમાં પોઢીને ઉઠે, કે કાચી નીંદ્રામાં;
જરૂર આવી કોઈ જગાડે ક્રોધ તથાપી ન પામ્યા.
ધીમે ધીમે વાતો કરતા ઘર કે બાહાર બેસે;
આસન મળીયું કે નવ મળીયું. ખટક ન મનમાં પેસે.
નાહાના મોટા મળવા આવે, બહુ હેતે બોલાવે;
હસતાં રમતાં બાળક દેખી કાલા થઈ કલાવે. ૯
દંતધાવન કરી બાહાર જાયકે ઘરમાં બેસે કામે;
જે આવે તેને લઈ બેસે, તેતો પોતા સામે. ૧૦
સઉથી વાતો સ્નેહ ભરી કરી જાય સરીતા સ્નાને;
બાળ જુવાન અને કઈ ઘરડા, પણ આત્મજ માને.
કોને મનમા એમ રહે નહી, વાત થઈ નહી મા'રે;
ધર્મ રાયનાં દ્વાર ઉઘાડાં, જ્યારે જઈએ ત્યારે. ૧૨

દોહરો.

જ્યારે જઈએ ત્યાહરે, સદા ઉઘાડાં દ્વાર;

આજે અમદાવાદમાં, રૂડો રાવ ગોપાળરે.

પદ ૬ ઠું

દેશ વિભાગે રત્નાગીરીમાં, સન સોળસેં પર પચાસજી;
રાવસાહિબ વિશ્વનાથ જનમીયા, દક્ષિણ દેશે વાસજી. ૧
ખુરદેમાં રહી વતન ખરીદ્યું, જે દેશમુખ તણુંતેજી;
ઈલકાબ તે દેશમુખ અહી.ની પ્રસીધ્ધ આજે પણ છેજી. ૨
તેના ચિરંજીવ રાવ નારાયણ, મેળવ્યું શાહુનું માનજી;
મુસદી ગોવિંદ પંથ તે નરના પ.ત્રા સકળ સનમાનજી. ૩
ફડનવીસ બાપુ ગોખલાના હતા રાવસાહિબ હરીભાઉજી,
દસ હજારની જાગીર મેળવી કુળમાં કીરતી કમાઉજી. ૪
રાવ ગોપાળ તેના સુત પ્રગટ્યા, અંશ તો મોટો એછેજી;
ન્હાની ઊંમરમાંથી સાબ.શી મેળવી સનમાન સરક.ર દેછેજી
સ્માલકાજ કોરટના જડજ છે આજે, યુરોપીયનની પદવીજી:
છછે કુમારને બેછે કુમારી, રિધ્ધ સિધ્ધ છે વળી બીજીજી. ૫
અસલના ખાનદાન અથવા તો કુળમાં સરવે કોયજી;
જન્મ દીવસ ફેબરૂઆરી અઢારમી, સાલ ત્રેવીસની રહોયજી
ઉરદુ ઈંગરેજી આદી ભણીને, નવીન બાંધ્યા નીબંધજી;
નવીં નવી રચી સુગ્ન સભાઓને, સુધારા સાથે સંબંધજી. ૬
જયાં જયાં કરી હશે નોકરી ત્યાં ત્યાં, સઉ કોઈ એને સંભારેજી,
આજે અમદાવાદ આખુ આભારી છે એ નરને ઉપકારેજી. ૭
મોટા પુરૂષની રીત છે રાખી રાખી રખાય ન રીતજી;
ખુદરતનો એ જીવ જ મોટો, કોઈ કારણ પ્રગટયો ખ્યાતઉ

ધન્ય જનીતા કુખ જનમીયો, ઈનકાબ રાવબાહાદુરજી;
ઉત્તમ પદ અધિકાર માળ્યો અને નીશદીન વાધ્યું નુરજી. ૧૬

પદ ૭ મુ.

પોઢી ઉઠે પ્રભાતે કે જયારે, આવે દરશને જન સઉ ત્યારે;
વેહૂલા આવે તો જઇને જગાડે, કાચી ઊંઘમાંથા કો ઉઠાડે.
વાતો કરતા બેસે આવી બાહાર, ઓટલે કે તે પાટલે પાર;
પોતે જુએ ન ગરીબ ધનાઢય, હડકાયાને કહે નહી હાડ! ૨
બાળ જુવાન કે હો વૃદ્ધ. પણ એક આતમાની શુદ્ધ;
પુત્ર માત પીતાથી બીએ છે, પણ તે ન એનાથી ડરે છે. ૩
સારૂ નરસુ કર્યું જે તે માને, રાવ બાહાદુર મન માંહી જાણે
સારી સલાહ આપે તેજ વેળા, કહે કરવા મના બીજી ફેરા.૪
શારૂ કરનારને ઉતેજન, આપે પોતાની શકિત એ ધન;
બાકી સાંભળે તેથી સંતોષ, અરજદાર માને ન દે દોષ. ૫
પુત્ર બાપની વાત ત્યાં બોલે, પિતા પુત્રની વાત ત્યાં બોલે;
એક બીજાને એક બીજાથી, ગુપ્ત ઠપકા આપે સુસલ્હાથી. ૬
વળી લોકને પડયું વ્યસન, આવે દોડતા દરશને જન;
એક દીવસ જો ત્યાં ન જવાય, આખો દીવસ ઉદાશીમાં જાય.૭
જેમ ચકોર ચંદ્રને નીરખે, એમ જન રાવને જોઈ હરખે;
કોઈ દસ બાર વરસનો બાળ, કોઈ વીસ વરસનો મુછાળ. ૮
કોઈ પૂર્ણ વરસ થયાં સાઠ, કોઈનો છે ઉત્તમ ઠાઠ માઠ;
કોઈ અંગ ઉઘાડે છે બેઠા, કોની પાઘડી ફાટા તુટા. ૯

સંધ્યા રાવ બાહાદુર બીરાજે, એમ પોહોર દીવસ કરે પ્રાજે;
દેખી પ્રફુલીત થાય છે ભાનુ, પતાં દરશન રાવપ્રભાનું   ૧૦
જવું હોય તો જઈ બાહાર આવે, કઈ જન આવે ને કઈ જાવે,
ધસમસતા પેસે અંતઃપુરમાં, જતા હોય જેમ બાપના ઘરમાં.
હાકો ડાકો નહી કોઈ કેરો, હોય હરનો દરેકનો ચેહેરો;
માત્ર દાસને એટલુ પુછે, સરકાર શું બંગનામાં છે.   ૧૨

દોહરો.

ઘરમાં છે સરકાર શું? હા કહે તો મહિં જાય;
ના કહે તો થોભે જરા, કે ત્યાં દરશન થાયરે.

પદ ૮ મુ

વાહન અશ્વ ધીમે ધીમે આવેરે, મુખારવિંદ તે મોહ ઉપજાવેરે;
હોય હાથમાં ચાબુક સોટીરે, સામા જન આવે હરખાતા ઉઠીરે
વસ્ત્ર ઉતારે આવીને ઘરમાંરે, સઉને પુછે છે ખુશીની ખબરમાંરે
મોહનલાલ છો ક્યારના આવ્યારે, ગોતીલાલને કાં થકી લાવ્યા રે
પત્ર પેખતાં પાધર પુછેરે, મોહનલાલ આ હાથમાં શું છેરે;
કહું સાહેબ છે કવિતાપરે, વાંચી સુણીને રાજી થાયરે.   ૩
એમ કરતાં સંગીતા જાયેરે, વાતો વિદ્યા વિનોદની થાયેરે;
બાળ વૃદ્ધ બીજા હોય સાથેરે, અંગ વસ્ત્ર ગ્રહ્યુ હોય હાથેરે.૪
તેતો રાવ બાહાદુરે જાણોરે, રૂડો સાભ્રમતી તટ નાણોરે;
કોઈએ ધોતીયું પોતીયું લીધાંરે, સ્નાન સંધ્યા કરી ચાલ્યા સીધારે
ધર્મશાળા જઈએ કોઈ ટાણેરે, કોઈ વખતે તો ઘેર ઠેકાણેરે;
પછી પુજામાં બેસે પોતેરે, બાકી લોક બેસે મુખ જોતેરે.   ૬

નદીના ભટ ભિક્ષક દાનેરે, એટલામાં તો બંગલે આવેરે;
નદીની તેતા ઓળખ કેહેવાયરે, તેને રાવ વિના નવ સાયરે. ૭
પુરી પુજા કરી પરવારેરે, સામા બાજુએ જમવા પધારેરે;
મારા જેવો ઉઠે તે વારરે. કરે સંપુટ દરવાજે દ્વારરે. ૮
રાવ બાહાદુર પાયુ પાડે નાયરે, કહે રહેવા દે તારૂ શું જાયરે;
કરે કોઈ જો બાહાર પ્રવેશરે, બાલાવીને કહે અહીં આવી બેશરે.
મને તારી નજર નહીં લાગેરે, આવ દીકરા મારી આગેરે,
કોઈ બેશી ત્યાં બીડાયો બનાવરે, કોઈ બીડા તમાકુ લાવેરે. ૧૦
જમી રહે રાવબાહાદુર જ્યારેરે, એક બીડી લહે પોતે ત્યારેરે;
કોઈ રાવનું ઉચકે અંગરખુરે, કોઈ પાનની ડાબડી પખુ. ૧૧
મુકી મસ્તક પાઘડી ચાલેરે, આવી કોરટને બંગલે મહાલેરે;
જોગી સંન્યાસી ગ્રસ્થી ભીખારીરે, કરે રાવબાહાદુર તથી યારીરે

દોહરો

યારિ રાવ બાહાદુરની, મન જાણી મકલાય;
નાત જાતમાં તે જઈ, વાત કરી ફુલાયરે.

ચોપાયા

વાત કરી ફુલાતા હીંડે બેસે જઈ કોરટમાં;
એક નજર ઘંટા સામી બીજી તે રાવ નિકટમાં. ૧
મનમાં જાણે ક્યારે વાગે પાંચ કે દરશન પામુ;
રાવ બાહાદુર સામો બેશી વેગે જઈ વિશ્રામુ. ૨
સાહેબ પણ મન જાણી રહ્યા જે થતા હશે કઈ બાટી;
તે મુજને મળવાને માટે તેની ચીંતા મોટી. ૩

કોરટમાંથી ઉઠે તેના બાહાર આવી બોલાવે;
આવો આવો ક્યારના આવ્યા એમ કહી સમજાવે ૪
મેડા ઉપર ખુરશી માંડી બેસે સભા ભરીને;
કામ કાજ જે જરૂરના હોય તે પરવારે કરીને. ૫
મધુર ભાષણ મીઠાં વચનોથી પછી વળતી ચાલ;
નવ વાગે કે દસ વાગે કે બાર થાય કોઈ કાળે. ૬
કોઈક વખત તો ત્યાંજ શયનને, કોક વખત જઈ ઘેર
ઘેર આવે તો સૌના સાથે કરતા કરતા લેહેર. ૭
ત્યાં પોઢે તોપણ ત્યાં તેવું કઈક રહે ત્યાં રાત;
સાહેબને છોડીને જવાની ગમે ન કોને ગાય. ૮
હોય સભામાં કદી પધાર્યા પાછળ લોકો ધાય;
કોરટ કેરૂં રૂપ વરણવ્યું મારાથી નવ જાય. ૯
એવા તો આભાસ રહે થઈ વાદી પ્રતીવાદી બે;
જુઠું કહેતા નિશ્ચય આવ્યા તે સાચુ ત્યાં કહી દે. ૧૦
બડાબડી ત્યાં કરે વકીલો, પાડે બહુ બરાડા;
તે વખતે સાહેબ કરે ત્યાં આપે નિત્ય અખાડા. ૧૧
વાદીને પણ કહે બે વચનો પ્રતિવાદીને કહીને;
ત્રાહીત થઈ પોતે કહે તેથી જાય સઉ રાજી થઈને. ૧૨

દોહરા

રાજી થઈને જાય સઉ, એમાં શીજ નવાઈ;
પણ બીજી હું વાત કહું, આશ્ચર્ય કારક કાંઈ.

૫૬.

એક સમય અમે જાતા હતા નદી સાબ્રમતી તટ નહાવાજી;
આગણ એક ગરોડો આવ્યો તે શું જાણું જે જડજ છે આવાજી
આપજી વરતર ઘો એમ બોલ્યો ટીપણું માથે ઓશીજી;
સાંભળી રાવ બાહાદુર બોલ્યા આવો આવો ગરો જોશીજી.
શું શુ ભણ્યા ને ગુરૂ કર્યા તમ ક્યાંથો હતો ક્યાં અભ્યાસજી;
નામ કવણ અને ગામ કવણ શીષ્ય કેટલા છે તમ પાસજી. ૩
કયા કયા ગ્રંથો તમ જોયા પ્રજા તમારે શી છેજી;
કેટલી ઊમર થઈ તમારી પ્રેમ સહિત તે પૂછેજી.
એમ કહી એક વસ્ત્ર દીધું થયા જોઠી ત્યાં કલાક વારેજી
આવતો એમ ગરોને કહ્યું મને આશ્ચર્ય લાગ્યું અપારજી. ૫
બીજી વખત એક બનાવ બનીયો શ્રોતા જો સાચુ માનેજી;
રાવ બાહાદુર જતા હતા બેશી ઘોડા ઉપર એક સ્થાનેજી. ૬
વાટે જતાં એક વિપ્ર આવ્યો એક હાથમાં લોટો સાહાઈજી;
કર બીજામાં લાકડી ખંભે પંચીયું તેમાં કાંઈજી.
જુદ્દ જાણ્યા રાવ બાહાદુર બોલ્યા ડોસા જશો કોણ કામજી;
લોટામાં શું ધોતીમાં શું છે ને શું છે તમ રૂ નામજી. ૮
કેમ લીધા છ લાકડી હાથમાં ક્યાં છે તમારો નીવાસજી;
પ્રજામાં શું છ આમ ક્યાં જાશો માગવા કેને પાસજી. ૯
નજરે પડે તેને નિશ્ચય પુછી આપ કરે ઓળખાણજી;
ભોળા જનને મન પડ્યો થઈ જીવનો જીવન પ્રાણજી. ૧૦

દોહરો

જીવનો જીવ પ્રાણ એ, કોર્ટ કરે જે વાર;
શોભા તે હું શી કહુ, કહે ન આવે પાર.

૫૬

રમાંબિકાજ રાજનગરની સારી, જડજ ગોપ. જરાવ બલીહારી. રમા૦
વાદી પ્રતિવાદી અપરમપાર, એહા બીજા કઈ કોરટ બાહાર; રમા
કઈ શાક્ષીઓ છે નર નારી, રૂરાંપવેંડર બેઠા અગાડી; રમા૦
હાજર નાજર શીરસ્તેદાર, આડએ પડએ મધ્યે અમલદાર. રમા.
સામા વકીલો ત્યાં વાદ કરેછે, પાછળ તકરારી ઉભા રહેછે; રમા
જજ કોટ ધર્યો રાવે રૂડો, તેનો અર્થ તો છે અતિ ઊંડો; રમા૦
દયા ધર્મ છે બાંહો બનાવી, બેઠા મસ્તક વીનાનો ચડાવી; રમા
સગાં સબંધીને પરિવાર, પ્રજા આ સ્થળે છે એક હાર; રમા૦
પીંછુ સરસ રૂડી છે ઓજાર, પણ નયન ઝરે નેહધાર; રમા૦
મોહ ઉપજે મુખારવિંદ જોઈ, હારે તે પણ જાય ખુશ હોઈ; રમા.
ઝીણી નજરથી દાવા તપાસે, પણ મોટી નજરે ગયા પાસે; રમા
આવે સમન તે શોક ન લાવે, વાદી પ્રતિવાદી ખુશ થતા આવે; રમા
બાંધ્યો દાવો જીતો કે ન જીતો, પણ રાવનું મુખ જોઈ જીત્યો; રમા

૫૬.

દીઠા દીઠા દિવાંશી દિનેશ: કિરણ ઝાકઝમાળ છે;
પાડ્યો અધીક અધીક ઉજેશ, તે રાવ ગોપાળ છે. ટેક.
રાવ રૂડા કૃષ્ણા રાવજીરે, બારિસ્ટરમાં થયા પાસ;

છે રામચંદ્ર બીજા રૂડારે, વિરસેતમાં છે હાલ વાસ. કિરણ૦
ભાસ્કરને લક્ષ્મણ રાવજીરે, રઘુનાથ રાવ ગણેશ;
કુળ દીપક છ કુમાર કરે પુત્ર બે છે આતી પ્રકાશ. કિરણ૦
હિત રૂડા દશ પુત્ર થયારે, મોટા પુરૂષ પ્રગટ્યા વંશ;
લક્ષ્મણ પંથ વિશ્વનાથનારે, ચાર બાધુમાં ચોથેરા અંશ.કિરણ
પત્ની નારાયણરાવનીરે, વિધવા ગંગાબાઈ;
વાલી થયા તે વામા તણારે, જ્યારે રાખી પુરંધર માંઈ. કિરણ૦
હિંમત બાહાદુર હરી પંથતેરે, ગોખલેના કુડનાસ;
ડોકા મરાયો જે જુદ્ધમાંરે, તમાં હરીપંથ સામેલ તદીશ.કિરણ૦
ઇસવી અઢારસેં અગીઆરે, જનરલ વલ સલી જે ઠામ;
આસેના યુદ્ધમાં ઉતર્યોરે, ત્યાં પણ હરીપંથનું હતું નામ.કિરણ૦
અંત્યાજી પંથ વામનરાવજીરે, લક્ષ્મણ પંથના ભ્રાત;
મોટી જાગીર બીજે મેળવીરે, ખરા ક્ષાતમાં મોટી ખ્યાત કિર.
અંત્યાજી અંગથી ઉપન્યારે, ફડનીશ કૃષ્ણાજી રાવ;
વીંછુર કર સતારે વશ્યારે, તેના દિવાન ગણપતરાવ. કિરણ. ૯
નાનાના મોટા બે બાઇઓર, કૃષ્ણાજી ગણપતરાવ;
મથુરાંડમાં ચિત્રામણ કર્યાંરે, મહુનાની કૃત એ છે બનાવ.કિરણ૦
ફાગણ શુદી અષ્ટમીરે, શાકે સતર ચુંવાળીસ;
જનમીયા ગોપાળરાવજીરે, પામ્યા અષ્ટસિદ્ધિ બખશીશ. કિરણ૦
મુનસફ સદર અમીનેર, સીતાપર સહ અધિકાર;
મોટા મોટા હોદ્દા મેળવ્યારે, સાચા દીલથી રીઝ્યા સરકાર કિરણ
માતમાસે સહસ્ત્ર પગારછેર, રાજનગરના છે જજ;

.શ સુધારાનો સ્થંભ ઘેરે, છે કુળકે કિરતી મારો દ્વજ.કિરણ

પદ.

સરકારી નોકર થઈ રાખ્યો વ્યવહારિક સંબંધ;
જુકી પ્રાતમાં બાંચ વિશે વળી સંગ્રહ રચ્યો નિબંધ.
કન્યાશાળા પુસ્તકશાળા શાળાનો હોંશીલો;
રાવબહાદુર નીરધારનો વગ સઘ અને વશીલો. ૨
આગમ નીગમના ગ્રંથો લખીયા સંસ્કૃતમાંથી શોધી;
દિન દિન નવી સભાઓ કીધી બહુ લોકોને બોધી ૩
બાળલગ્ન અટકાવ કર્યોને પુનરવિવા પ્રસરાવ્યો;
ઘડતા પ્રભુએ એકજ ઘડીયો બીજો નથી બનાવ્યો.૪
સભા પ્રસંગોપાત ભરાવ ત્યાં ફંડ કરે જે ઠામ;
યથ શક્તિ ત્યાં નાણું આપી લખે પોતાનું નામ. ૫
ફર્સ્ટ નંબર ફારસીમાં કહીએ સરકૃત વિશે સુજાણ;
ઈંગરેજીમાં આદી નંબર બહુ વિદ્યાનું વાહાણ. ૬
સ્મૃતિ શાસ્ત્ર નીત સુત્ર જુએ ને કથા સુણે દેઈ કાન;
ભલા પુરૂષ ભાષણ કરવામાં ઉપજાવ્યો ભગવાન ૭
વેદ ધરમ પર મનની વૃતિ શીવ પુજન પર પ્રીત;
પરમારથુને પુરો પ્રમાણીક સ્વદેશ ઈચ્છક હીત. ૮
વિદ્યારથ ને ફકીર ભીખારી. ભિક્ષુક બ્રાહ્મણ ઓહોળા;
ખાલી હાથે ફરે ન પાછા ત્યાં જઈ કીજે પોહોળા. ૯
વૈદક કેરા જાણ વિશેષે દવા ગાંઠની દેછે;
તન મનની પીડાનો ટાળક રાવ બહાદુર એ છે. ૧૦

સાધુ સંત નવા કોઈ આવે ભેટે ભાવ સહીત;
જોતીષી જોશી સાથે થઈ વાદ કરે છે પ્રીતે. ૧૧
અગ્નાતમાં પણ ગ્નાન મેળવ્યું સઉ વિદ્યાનો સારો;
રત્નાકર સાગરનો ન મળે સો કોશે કિનારો. ૧૨

૫૬.

બાળ માબાપ પાસે માગે, ભણામણ તો ખીજવા લાગે;
પુસ્તક માગે તો તનને પ્રહારે, અઢે રાવબાહાદુર તેની વારે.
નાનાં પુસ્તક આપે પ્રેમ આણી, ભણામણ આપે અશક્ત જાણી
નર નોકરી સોધતો આવે, શીપારસ કરી ધંધે ચડાવે. ૨
ભલે અણઓળખીતો જો હોય, એવો કરૂણાનીધી નથી કોય;
મ તો જોઈને એકજ જોયો, હું તો રાવની નીતીને મોહ્યો. ૩.
અનુભવ કરી ઓષધ બનાવે, લોક મફત લેવાને આવે;
મડા પછીની નહી એને ચીંતા, જાણે જે છે એના ઓળખીતા
વૃદ્ધ યુવાન વામાઓ આવે, બેઠી જગ્યા સલ્હા બતાવે;
કોઈ સુતની આવે ફરીયાદે, કોઈ આવે પતીની દાદે. ૫
વહુનું શીખવ્યું સુત કરે છે, કઈ દારા એમજ ઉચરે છે;
મારી સોક્ય મને દુઃખ દે છે, કઈ કામની એમ કહે છે. ૬
મારી ત્રીયા મને નથી ગણતી, મારે છોકરાથી નથી મળતી;
એમ નર ભ્રમર આવી ભાખે, રાવ બહાદુર મનમાંહી રાખે. ૭
ગુપ્ત કપટ ને ગુન્હા બતાવે, અરસપરના અને સમજાવે;
દ્વિપક્ષમાં રહે સમાધાન, એવું રાવ આપે વરદાન. ૮
ગણતી થાય જો આકાશ ગ્રહની, ગણતી થાય તો રાવના ગુણની

તે બીજા હશે બાંધ્યું લાખ, પણ રાવની શ્રેષ્ઠ છે સાખ.

૫૬.

શ્રેષ્ઠી સકળમાં સાખ પડી ગઈ સંશય શ્રોતા લેશેજી;
આણ્ણમતી તટ અમે ગયા હતા રાવબાહાદુર સાદે વેશેજી. ૧
બ્રાહ્મણની એક ગરીબ બીચારી ઉભેલી આધુ ઓઢીજી;
વેગળે રહીને સુતને શીખવે, રાવને દે પાન બીડીજી. ૨
બાળક બીચારો બીતો ફરે દુર ઉંમર જેની વરસ આઠજી;
રાવને મળવા હીંમત ન ચાલે ઉરમાં થાય ઉચાટજી. ૩
એટલામાં પડયો રાવની નજરે તરત તેને બોલાવ્યોજી;
આવને ભાઈ તું માહારે વાસ્તે આ પાન શું છું લાવ્યોજી. ૪
પાન લઈ અને દક્ષણા દીધી વાત કીધી મસ વારજી;
આવજે ઘેર વળી એમ કીધું બાપ દીધા બસુમારજી. ૫
વળી કહું એક અચરજ મોટું આપ ગયા નડીયાદજી;
એક સ્ત્રી ત્યાંથી સંગાથ આવી ઉતરી રાવ પ્રાસાદજી. ૬
જમી કરી પણ ઘેર ગમ્યું નહીં કોરટમાં આવી સાથેજી;
બાળકને લઈ બાઈને પોતે બેસારી કોરટ માથેજી. ૭
બાઈ તને શું કોડ છે નિકળ્યો સાસરીમાં સુખ કેવુંજી;
ફરી પતી પરણેછે શું તારો, બાપના બોલ્યા જેવુંજી. ૮
દીકરીને જેમ બાપ પુછે તેમ, પોતે પુછે દિલ આણીજી;
ક્રોધ કે કામનો પાસ મળે નહીં, કહેણે કે નેણે કદાપીજી ૯
એવા એવા જો દાખલા દાખું પુસ્તક મટી થાય પુરાણુજી;
જપતાં આખી ઉંમર થાકે વડા પુરૂષનાં વખાણુજી. ૧૦

શેષ સમ પણ પાર લહે નહી રાત તાણા ગુણ ગાનજી;
જોશી આવે તો નાળિકા બાંધે ખાવા બતાવે સ્નાનજી. ૧૧
જેમાં તેમાંથી ગુણ ગ્રહણ કરે જેથી તેથી કરે વાતજી;
ભક્ત એને રિદ્ધ સિધ મળી અમે હૃદય થયા રળિયાતજી. ૧૨.

ગરબી

મહા પદ પામ્યા તે પુન્યેરે, એ એની મોટા. ટેક
સુક્ષમ દર્શક જેવા, અલ્પ હોય પ્રાણી એવા;
કરી તે દેખાડે કેવારે, એ એની॰ ૧
સરદારોનો શિરતાજ, મન્મ શ્રીને મહારાજ;
પણ જાણે જોગી રાજરે, એ એની॰ ૨
નિસબત નોકર સારા, ભભકામાં રહેનારા;
સાદા તો મોટા બિચારારે, એ એની॰ ૩
વાટે જતા મોટા હોય, ઓળખી ન શકે કોય;
તેને કહુ મોટા તોપરે, એ એની॰ ૪
વરધી વેશ્યાને ઘેર, નહોય મોટાને મંદીર;
ભાવ જેના ફાર ફેરરે, એ એની॰ ૫
અજ્ઞાની જો ઇજા કરે, ક્રોધ પણ કદી ન ધરે;
સમર્થ થઇ ક્ષમા ધરેરે, એ એની॰ ૬
અણોઠાનુ દીઠું હશે, છોટા કદી મોટા થશે;
છતે છલકાઇ જશેરે, એ એની॰ ૭
આવશે દિવસ એકાદો, કરે યમ કીંકર તગાદો;
સાંદો જીતે રાપ જાદોરે, એ એની॰ ૮
કૃત્રિમ મોટા વિરામે, કુદરતી મોટા જે જામે;

અચળ પદવી પામેરે, ઓ બની૦ ૯

૫૬

વૈદ કનેથી વૈદક લઇને તનના હરે ઉતાપ;
નામ સુણે ગુણવાન તણું ત્યાં સઘ સીધાવે આપ.
ઘેર ભવાયાને ઓલાવી બોધ કરે બહુ સારો;
નવાં નવાં કહે નાટક કાઢો ધંધો છેજી તમારો. ૨
જેને દેખે તેને પુછે કશું કરોછો કામ;
નામ તમારૂં શું છે કહીને પુછે રહ્યાનો ઠામ. ૩
નાત જાત પુછી લે પળમાં આપ કરે ઓળખાણ;
જાણે જગત બધાનો ગરજુ મન માટું મહેરાણ.
એક વખત નિજ ઘેર રસોયો ચાકરને ઘૃત નાપે;
રસોઇકારનું માથુ ચડિયું ચાકર તે નવ ચાંપે. ૫
ચાકર કહે તેં ઘૃત નથી મુકયું ભલે હવે પોકારે;
આવ્યો તાવ રસોયાને બહુ ચાકર ચાલ્યો બહારે.
રાવે સર્વ હકીકત સાંભળી ઉઠયા નીંદ્રા છાંડી;
ચાંપ્યું શીર રસોયાનું ને આવી નીંદ્રા ધાડી. ૭
જાણે દીઠ રસોયો તથી ચાકર માથુ ચાંપ્યું;
તે ગુણને બદલે ચાકરને ઘૃત રસોયે આપ્યું. ૮
ચાકર કહે કેવું ઘૃત લીધું એમ કહી ફુલાયો;
કહે રસોયો તેં શીર ચાંપ્યું હું છું દિલનો ડાહયો. ૯
માટે મેં તુજને ઘૃત આપ્યું એ રીત ગરબડ જાગી
રાવ રસોયાને ઉચ્ચારે તેં શીર પીડા ત્યાગી. ૧૦

ચાકરને કહે તું વી પામ્યો હવે લડો છો શાને;
સંપસંપીને રહો એકઠા ચડો નહી તોફાને. ૧૧
સાઉ જન ઘરનાં મનમાં સમજ્યાં સાવ તાણું એ કામ;
ધન્ય ધન્ય જેણે તને આપ્યું રાવ બહાદુર નામ.

૫૬.

સિદ્ધ પદાર્થ વિજ્ઞાન રચ્યું પંદનામા ને ગુલિસ્તાનજી;
વૃજ ભાષામાં લખ્યા અલંકાર હોળીને હિંદુસ્તાનજી. ૧
અર્થનુ શાસ્ત્ર રસાળ રચ્યું અને અર્થ તે માંહી જણાવ્યોજી
અદ્વૈત બોધ કરાવ્યો પ્રગટ અને વેન રૂડો વર્ણાવ્યોજી
નવાં નવાં કોઈ પુસ્તક પ્રગટ કરે પ્રથમ ગ્રાહક તે તેનોજી
દુકાળ રેલ કે આફતનાં ફંડ આદિ નંબર એમાં એનોજી
ઉત્તમ કારજના પગરણમાં પેહેલ કાઢે પેહેલવાનજી;
મનનાં જરાએ મોટાઈ મળે નહી ગંભિરને ગુણવાનજી.
જે જે સભાઓ નવીન પ્રગટે પોતે તેમા પેહેલાજી;
ભલમનસાઈમાં ભડ નર જે છે વિદ્વાન વખાણ્યા એલાજી.
સુક્ષ્મદરશક જેવો ગુણ શરીરમાં ગુણ ગ્રાહક ગુણ જાણજી
ખુણે પડ્યો હોય હીરો હજારી ઓપીપાશી લહે લહાણજી
જગત બધીમાં કરે જાગતો વિશ્વમાં થાય વિખ્યાતજી;
ગુણ પ્રમાણે મુલ લેતાં લગી આપે ઉનેજન જાતજી. ૭
દીલનો દયાળુ દેખી શકે નહી શત્રુને પણ સંકટમાંજી;
માનવના સુખ માટે પડે પોતે વાટ જે હોય વિકટમાંજી. ૮
રાજા કે રાણો આપ ગણે નહી પક્ષ ન કોની પ્રમાણેજી

સઉ જનને જેમ સુખ મળે તેમ દેશી કે જાત ન જાણિજી
દેશાભિમાન તો દીલમાં અનહદ પણ શુભ સઉનું ઇચ્છંજી
જાવ દુખી જીવ રાવની પાસે પ્રેમે તેનું દુઃખ પીછંજી.
લખે ગણે ગુણ પાર ન લાધે ઉચરી શકે નહી શેષજી;
સરસ્વતી બાપડી હારી બેઠી અને બ્રહ્મ લહે નહી લેશજી
અહો પ્રભુ એવા પુરૂષ તો કોકજ વાર લેછે અવતારજી
થયો નથી કે થશે નહી રાવ બહાદુર બીજી વારજી.૧૨

પ૬.

કઇક થયા પઇશાથી પોતે રાવ બહાદુર નામે;
કઇક થયા હોદાને અનુંસરી રખડી ઠામે ઠામે. ૧
કાલાવાલા કરી ગુલામી રાવ કઇ કહેવાયા,
કઇક લફંગા માંહી ગણાઇને શી સરકાર લખાયા. ૨
જડજ ગયા કઇ દિવાનીમાં થઇ કોએ ના મન જાણે;
ગણુની વીના ગત થયા ગવરનર તે પણ આ કેકાણે.
કોટી ગયા થઇ કલેકટરો તે પણ મેં નજરે ભાળ્યા;
રાવ બહાદુર નામ અચળ દિવાની કોરટવાળા. ૪
ગુણનીધી રાવ ગોપાળરાવજી અચળ નામ અહીં રહેશે
સઉ જન તેનું નામ સંભારી બહુ સાબાશી દેશે. ૫
અમલદારની કીરતિ ઉચરતાં વળી દેશે દ્રશ્ટાંત,
નર નારી નિસ્વાસ નાંખશે સ્મરણ થશે જ્યાં વાત.૬
અનુભવીને આંખે તરશે રાવનો થતાં વિયોગ;
મેળાપીને મહા દુઃખ થાશે સદા ચહે સંજોગ. ૭
એવી એણે માયા સઉને બાંધી ગણી લગાડી;

જ્યાં જ્યાં કીધી નોકરી ત્યાં ત્યાં પીડા પ્રેમ જગાડી.
જે પૃથ્વીપર રાવે પગલુ જરા હશે માંડેલુ;
તે પાણ્રુ હજી સંભારતી હશે મળવાને મોડુ વેહેલુ. ૯
જે તરૂ નીચે એક વખત પણ રાવ હશે ઉભેલ;
તે તરૂ પણ ઝુરી ઝુરીને હશે સુકાઈ ગયેલાં. ૧૦
જેણે જગત બધાને જોઈ મનમાં સમજ્યો સાર્થ;
પણ જો રાવનાં કર્યા ન દરશન જીવતર તેનું વ્યર્થ ૧૧
નહી માનો તો કીરતી પુછો તેથી નજરે ન્યાળો;
સુરજ ઉગ્યો રહે ન છાનો સંશય મનનો ટાળો. ૧૨

આશિરવાદ

પદ.

ઘણું જીવો ઘણું જીવો ઘણા ઘણા કાળ;
દેશમુખ કુળ દિપિ ઘણું જીવો રાવ.
કુળ દીવો કુળ દીવો રાવ ગોપાળ;
દેશમુખ કુળ દિપિ ઘણું જીવો રાવ. ટેક.
રમાળકાજના જન આજે અહમદાવાદ;
નર નારી અહરનીશ તને કરે યાદ; રૂડા૦ દેશ૦
ધન ધન જનપણું તારૂં જરૂર,
જોઈ જોઈ પ્રગટે આનંદ અમ ઉર; રૂડા૦ ૨
ફુલડે વધાવીએ રાવ બહાદુર,
માગીએ પ્રાર્થના કરી પ્રભુની હજુર; રૂડા૦ ૩

સહકુટંબ સાથે રાખે આપને આબાદ,
મારા અંતઃકરણથી એ દઉં આશીરવાદ; રૂડા૦ ૪
પ્રસન હોજો તને પરગ પંચ દેવ,
દશ દિગપાળ તારી સદા કરે સેવ; રૂડા૦ ૫
અષ્ટ સિદ્ધિ તેતો આવી વસે તારે ધામ,
નવ નિદ્ધિ જઈ નિવાસે તારો જ્યાં વિશ્રામ; રૂડા૦
વંશ વેલી પામે તારી પુરી વિસ્તાર,
મનના મનોરથ તારા પુરે કરતાર; રૂડા૦ ૭
સદા કરે પ્રભુ તારા શત્રુનો સંહાર,
જગમાં જગદીશ કરે તારો જેજેકાર; રૂડા૦ ૮
ઘણો ઘણો પ્રસન રહે તને ઘનસ્યામ,
નવ ખંડ રાવ તારૂં અમર રહે નામ; રૂડા૦ ૯
અબળાનાં દુઃખનો તે તું છું દહનાર,
ગરીબ ગરબાંની તું વારે ચડનાર; રૂડા૦ ૧૦
દુખીયાં દેખીને તું છું દિલ દિલગીર,
પરદુઃખ ભંજન તું વિક્રમ વીર; રૂડા૦ ૧૧
ધર્મ રાજા દિવાનીનો કવિ કુળ પાળ,
મુખ તારૂં જોઈ હરખે મોહનલાલ; રૂડા૦ ૧૨

(આ ચોપડાને રાવ બહાદુરના મિત્ર મેહેરબાન
શેઠ કાવસજી મંચરજીએ તથા ચુનીલાલ દ-
લપતરામે અગાઉથી સહાયતા આપીછે
માટે તેમનો અમે મોટો ઉપકાર
માનીએ છીએ.)

રચનાર.

જાહેર ખબર.

આ ચોપડાની કિંમત રૂ ૦-૨-૦ રાખી છે, કેમકે જે રાગના ચાહનારા પુરૂષો છે તેમને તેટલુ મુલ કંઈ ભારે નથી.

૨. આ પુસ્તકનાં નાંણાં તે તેના નામ ઉપરજ જમે કરવામાં આવશે ને તેમાંથી તેવાંજ બીજાં વિવિધ વિશયનાં પુસ્તકો પ્રગટ થશે.

માટે જે નામાંકિત સાહેબોને આ પુસ્તક જોઈએ તેમણે ટપાલ ખરચ સાથે રૂ ૦-૩-૦ મોકલી ગુ૦ વ૦ સોસાઈટીમાથી મંગાવી લેવી.

અમદાવાદ મોહનલાલ દલપતરામ કવિ.
તા૦ ૩૦-૧૦-૭૭